# તમાકુ ના ધરું ઉછેર અને તેની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ ઉપર ટ્રેનિંગ યોજાઇ

બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ દ્વારા તારીખ ૨૮/૦૬/૨૦૨૧ સોમવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "તમાકુ ના ધરું ઉછેર અને તેની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ" વિષય પર ધર્મજ ગામ ખાતે ધરોહર ફાઉન્ડેસન ના પ્રમુખ શ્રી રાજેશભાઈ આર. પટેલ ના પરામર્શ થી નિસોલ કંપની ના સહયોગ દ્વારા ખેડૂત તાલીમ યોજાઇ જેમાં ધર્મજ, વટાદરા અને સુંદરણા ગામ ના ખેડુતો એ ભાગ લીધો હતો. કાર્યક્રમ ની શરૂઆત નિસોલ કંપનીના કર્મચારી યોગેશભાઈ મહિડા અને ઈશ્વરકુમાર દ્વારા સાબ્દિક તેમજ ફૂલ દ્વારા સ્વાગત કરવામાં આવેલું. શરૂઆતમાં ડો. જે. એન. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડા, બીટીઆરએસ દ્વારા સર્વે નું સ્વાગત પ્રવચન તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું જેમાં તમાકુ વિભાગ ના સંશોધન ની કામગીરી તેમજ જનરલ માહિતી આપી હતી ત્યારબાદ .શ્રી ડી. આર. દેલવાડીયા દ્વારા બીડી અને કલકતી તમાકુ પાક ની જુદી જુદી જાતોની માહિતી આપી હતી જેમાં દરેક જાતની ગુણવત્તા વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્ર ના ફાર્મ મેનેજર ડો. કે. એમ. ગેડીયા દ્વારા તમાકુ ના ધરું ઉછેર ની માહિતી આપવામાં આવી હતી જેમાં ધરુવાડિયા માટે જગ્યાની પસંદગી, રસાયણિક ખાતર નો યોગ્ય ઉપયોગ તેમજ બિયારણ નો મર્યાદિત ઉપયોગ કરી ને તંદુરસ્ત ધરું ઉછેર ની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્ર ના રોગ નિષ્ણાંત ડો. વાય. એમ. રોજાસરા દ્વારા ધરુવાડિયામાં આવતા રોગ અને જીવાતોના નિવારણ કરવાની પધ્ધતિ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તાલીમના અંતે સર્વે ખેડૂતોનો કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. ઉપરોક્ત કાર્યક્રમમાં કુલ ૮૫ ખેડૂતોએ ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નિસોલ કંપની ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ.










આભાર







